# આજે મા અંબેના પ્રાગટય દિવસની અંબાજી ખાતે ભવ્ય ઉજવણી કરાશે

પાલનપુર, તા. ૧

કરોડો માઈભકતોની આસ્થાના પરમ પવિત્ર તીર્થસ્થાન અંબાજી મુકામે પોષી પુનમ-માતાજીના પ્રાગટય દિવસની આજે તા. ૨જી જાન્યુઆરી, મંગળવારના રોજ ભારે ઉત્સાહ અને આનંદથી ઉજવણી કરવા અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા વ્યાપક આયોજન કરીને તડામાર તૈયારીઓ કરવામાં આવી છે.

પોષી પુનમ દિવસની આધશક્તિ મા અંબેના પ્રાગટય દિવસ તરીકે ઉજવણી થાય છે. આ પ્રસંગે સમગ્ર અંબાજી ગામને શણગારવામાં આવે છે. માતાજીની ભવ્ય શોભાયાત્રાનું અંબાજી ગામમાં પરિભ્રમણ કરવામાં આવે છે. અંબાજી ટ્રસ્ટ દ્વારા વિશેષ મહાયજ્ઞ કરવામાં આવે છે. સુખડીનો પ્રસાદ વહેંચવામાં આવે છે. માતાજીના પ્રાગટ્યોત્સમાં વિશાળ સંખ્યામાં માઈભકતો દુરદુરથી અંબાજી આવે છે. આ વરસે પણ લાખો માઈભકતો પ્રાગટય દિવસની ઉજવણીમાં હરખભેર સામેલ થશે.

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા મા જગદંબાના પ્રાગટોત્સવ પ્રસંગે અંબાજી ગામ અને આજુબાજુ ના ગામોની શૈક્ષણિક સંસ્થાઓના વિધ્યાર્થીઓ દ્વારા માતાજીના ચાચર ચોકમાં તારીખ ૦૧/૦૧/૨૦૧૮ રાત્રીના ૮:૩૦ કલાકે સાંસ્કુતિક કાર્યક્રમો યોજાશે. અનેક શ્રધ્ધાળુઓ પગપાળા આવીને માતાજીના ચરણોમાં મસ્તક ઝુકાવી પ્રગટયોત્સવમાં હરખભેર સામેલ થશે. સમગ્ર ચોક ભક્તોના જયઘોષ અને ઢોલ નગારાથી ગુંજી રહ્યો છે. ચાચર ચોકમાં મહાશક્તિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. જેમા ૬૦ થી વધુ યજમાનો યજ્ઞનો લાભ લેશે. શ્રી અંબાજી ધાર્મિક ઉત્સવ સમિતિ દ્વારા માતાજીની શોભાયાત્રાનુ આયોજન કરવામાં આવ?યું છે તેમાં સુખડીનો પ્રસાદ વહેંચવામાં આવશે.

"મા" જગદંબા ની શાહીસવારી દરમ્યાન ગબ્બરથી અખંડ જ્યોત લાવીને શોભાયાત્રા નીકળશે. હાથી, ઘોડા અને સાંસ્કુતિક કાર્યક્રમોની ઝાંખી દર્શાવતા લગભગ ૩૩ જેટલા ટેબ્લો સામેલ થશે. ૨૧૦૦ કિ.ગ્રા. સુખડી અને બુંદીના પ્રસાદનું વિતરણ થશે. આ પ્રસંગે શ્રી અંબીકા ભોજનાલય ખાતે ભક્તોને વિનામુલ્યે ભોજંન પ્રસાદ મળી રહે તે માટે આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે સમગ્ર અંબાજી નગરને શણગારવામા આવ્યું છે. અંબાજી નગરમાં માઈભક્તો ઘરે ઘરે દીવડા પ્રગટાવશે. દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા મા જગદંબાના પ્રાગટ્યોત્સવનું જીવંત પ્રસારણ સોસીયલ મીડિયા, યુ ટ્યુબ, ફેસબુક તેમજ વેબસાઈટ WWW. AMBAJITEMPLE.IN પર કરવામાં આવશે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ ગાંધીનગર દ્વારા યાત્રાળુઓની સુવિધા માટે ત્રણ ઈ-રિકશા અને ૨ ટ્રેકટર, ૭૦ બેસવાના બાંકડા દેવસ્થાન ટ્રસ્ટને આપવામાં આવ્યા છે. કેલેંડર, પંચધાતુના સિક્કા તથા શક્તિદર્શનમ અંકનુ વિતરણ પણ કરવામાં આવશે. યાત્રાળુઓને કોઈપણ તકલીફ ન પડે તે માટે દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા જરૂરી તમામ વ્યવસ્થાઓ સરસ રીતે ગોઠવવામાં આવી છે.



# આજે સાબરકાંઠા જિલ્લાના ડૉકટરોની હડતાલ

હિંમતનગર, તા. ૧

મેડીકલ ક્ષેત્ર ઉપર કેન્દ્ર સરકાર અધિકાર જમાવવાનો પ્રયાસ કરી રહી છે. ત્યારે તેના વિરોધમાં તા. ૨ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ સાબરકાંઠા જિલ્લાના તમામ ડૉકટરો દ્વારા વિરોધ કરીને બ્લેક ડે મનાવવામાં આવશે. જેથી મંગળવારે જિલ્લા દર્દીઓને સારવાર મળી શકશે નહીં જો કે ઈમર્જન્સી તથા ક્રિટીકલ કેસ સર્વિસ આમાંથી બાકાત રહેશે.

આ અંગે આઈએમએ ગુજરાત બ્રાન્ચના પ્રમુખ ડૉ. ભુપેન્દ્ર શાહના જણાવ્યા મુજબ કેન્દ્ર સરકાર દ્વારા અમલી બનનારા નેશનલ મેડીકલ કાઉન્સિલનાં વિરોધમાં ઈન્ડિયન મેકિકલ એસોસીએશન દ્વારા મંગળવારે બ્લેક ડે મનાવાશે. જેમાં ગુજરાત ભરના ૨૫ હજારથી વધુ ડૉકટરો જોડાશે. ઉપરાંત મેડિકલ ક્ષેત્રે અભ્યાસ કરતા ૧૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ પણ જોડાશે. ડૉ. ભુપેન્દ્ર શાહના જણાવ્યા મુજબ કેન્દ્ર સરકાર દ્વારા અમલી બનાવાઈ રહેલ આ જોગવાઈને કારણે સામાન્ય જનતાને કોઈ જ ફાયદો થશે નહીં. આ બિલ ગરીબ વિરોધી અને લોકશાહી વિરોધી હોવાનું જણાવ્યું છે.

જેથી સાબરકાંઠા જિલ્લામાં પ્રેકીટસ કરતા ફીઝીશીયન સર્જન, તમામ સ્પેશિયાલિસ્ટ, સહિત ૧૦૦૦ થી વધુ તબીબો આ હડતાલમાં જોડાશે. મેડિકલ ક્ષેત્ર ઉપર કેન્દ્ર સરકાર અધિકાર જમાવવાનો પ્રયાસ કરી રહી છે તેવો આક્ષેપ ડૉકટરો કરી રહ્યા છે. જેનો ડૉકટર આલમ સખ્ત વિરોધ કરે છે. મંગળવારે આ હડતાલમાં હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, ઈડર વડાલી અને ખેડબ્રહ્મા સહિતના અન્ય વિસ્તારોમાં પ્રેક્ટીસ કરતા તબીબો જોડાશે.

# અરવલ્લીમાં થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરે દારૂ પીને છાકટા બનેલા ૧૬ ઝડપાયા

મોડાસા, તા.૧

અરવલ્લી જિલ્લામાં ૩૧ ડિસેમ્બરની રાત્રે ગેરકાયદેસર દારૂની પાર્ટી કરતા, દારૂ પીને વાહનો હંકારતા અને છાકટા બનેલા શખ્શોને જિલ્લા પોલીસ તંત્ર દ્વારા ખાસ એકશન પ્લાન તૈયાર કરવામાં આવ્યો હતો જેમાં શામળાજી પોલીસ સ્ટેશનમાં ૧૧, મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ૧ ,ભિલોડા પોલીસ સ્ટેશન માં ૨ અને ઈસરી પોલીસ સ્ટેશનમાં ૨ દારૂ પીને છાકટા બનેલા શખ્શોને ઝડપી પાડી તમામ શખ્શો સામે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી જયારે મોડાસા રૂરલ, મેઘરજ, માલપુર, બાયડ, આંબલીયારા, ધનસુરા અને પોલીસ સ્ટેશનમાં એક પણ શખ્શ નશાની હાલતમાં ઝડપાયો નહતો.



શામળાજી પોલીસ અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં-૮ પર આવેલી રતનપુર ચેકપોસ્ટ સહીત સમગ્ર માર્ગ પર ઠેર ઠેર પોલીસ દ્વારા રાજસ્થાન તરફથી દારૂ પીને છાકટા બનેલા ૧)અનવર સિંહ ધુળસિંહ પરમાર (ઉં.વર્ષ-૩૦), (૨)ગૌરવકુમાર કનુસિંહ પરમાર (ઉં.વર્ષ-૨૪), (૩)રાહુલસિંહ દિલીપસિંહ પરમાર (ઉં.વર્ષ-૧૯), (૪)જીગરસિંહ દિલીપસિંહ ઠાકોર (ઉં.વર્ષ-૧૯), (૫) વિશાલસિંહ દીપસિંહ ઝાલા(ઉં.વર્ષ-૧૯), (૬) સુનિલ સિંહ શિવસિંહ પરમાર (ઉં.વર્ષ-૨૪), (૭) રાહુલ કુમાર મોહનજી ઠાકોર (ઉં.વર્ષ-૨૩) તમામ રહે,હડિયોલ,તા-હિંમતનગર, જિલ્લો-સાબરકાંઠા (૮) ભેરુલાલ દયારામ ગુર્જર (ઉં.વર્ષ-૨૪), (૯)જગદીશ રાયમલ ગુર્જર(ઉં.વર્ષ-૩૫), (૧૦) સુંવાલાલ આસુજી ગુર્જર (ઉં.વર્ષ-૩૬), (૧૧) પ્રભુલાલ રાજુજી ગુર્જર (ઉં.વર્ષ-૩૨) તમામ હાલ રહે,કમલા પાર્ક સોસાયટીની સામે બોપલ(અમદાવાદ) મૂળ રહે (રાજસ્થાન) ઈકો કાર સાથે પીધેલી હાલતમાં ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી,મોડાસા ટાઉન પોલીસે સુનિલ જયરામ પટેલ (રહે, સાકરીયા,મોડાસા), ભિલોડા પોલીસે (૧) સાજન અર્જુનભાઈ રોત (રહે,ભટેલા,ભિલોડા), (૨) અજય રામજીભાઈ (રહે, જસવંતપુરા) અને ઈસરી પોલીસે (૧) રાકેશ મનહર મહેતા (૨) કૌશિક જ્યંતી પરમાર (બંનેરહે, નિકોલ અમદાવાદ). તમામ ૧૬ દારૂપીધેલા શખ્શો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.




પર્યાવરણના જતન માટે બાડમેરના યુવકની જમ્મુથી ૪૦૦૦ કીમીની ચેતનાયાત્રા છ રાજ્યોમાં ૩૬૮૦ કિમીનું અંતર કાપીને જાગૃતી ફેલાવતો યુવક થરાદ પહોંચ્યો. બાડમેરના એક પર્યાવરણ પ્રેમી યુવકે લોકોમાં પર્યાવરણના જતન અને જાળવણી માટે ૪૦૦૦ કિમીની ચેતનાયાત્રાની જમ્મુથી એક મહિના પહેલાં શરુઆત કરી હતી.જે ૩૬૮૦ કિમીનું અંતર કાપીને થરાદ આવી પહોંચ્યો હતો.તે યાત્રાની પુર્ણાહૂતી કચ્છમાં કરશે.


## ગણપતિ મંદિર રોડના નાકા પરથી બાઈક ચોરાયું

હિંમતનગર, તા. ૧

હિંમતનગરના ગણપતિ મંદિર રોડ પરના નાકેથી ૧૦ દિવસ અગાઉ અજાણ્યો શખ્સ રૂા. ૩૫ હજારની કિંમતના બાઈકની ચોરી કરી લઈ ગયો હતો. જે અંગેની ફરિયાદ રવિવારે હિંમતનગર એ - ડીવીઝન પોલીસ સ્ટૌશનમાં નોંધાવા પામી હતી. આ અંગે ભલભદ્રસિંહ રણજિતસિંહ ઝાલાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૨૨ ડિસેમ્બરના રોજ સાંજના સુમારે ગણપતિ મંદિર રોજના નાકે તેમણે પાર્ક કરેલ રૂા. ૩૫ હજારનું કિંમતનું બાઈક નં. જીજે.૦૯. સીએલ. ૨૩૮૨ ને અજાણ્યા શખ્સ ચોરી કરીને લઈ ગયા હતો.

## તલોદ બાર એસોસીએશનમાં હોદ્દેદારોની વરણી

તલોદના ન્યાય મંદિરમાં શનિવારના રોજ બાર અસોસીએશનની મીટીંગનું આયોજન થયું હતું. મીટીંગના એજન્ડા મુજબ વર્ષ ૨૦૧૮ માટે હોદ્દેદારોની નિમણૂંક અંગેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.



જેમાં પ્રમુખ તરીકે અનિલભાઈ એ. મોદી, ઉપપ્રમુખ માટે નાનજીભાઈ આર. સોનારા તથા સેક્રેટરી માટે સુરેશસિંહ કે રાઠોડની સર્વાનુમતે બિન હરીફ વરણી કરવામાં આવી હતી. તલોદ કોર્ટના તમામ વકીલો મિત્રોએ આ નિમણૂંકને આવકારીને ત્રણેય હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા હતા. તલોદ પંથકમાં વકીલ તરીકે લોકપ્રિય એવા અનિલભાઈ મોદીએ સૌએ અભિનંદન પાઠવી એસોસીએશનની પ્રગતિ માટેની તેમની કાર્યપદ્ધતિને વધુ વેગ મળે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

## હિંમતનગરમાં પોલીસની કામગીરીમાં ડખલગીરી કરતા બે સામે ફરિયાદ

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં એસટી ડીવીઝન કચેરી સામે આવેલા લારી-ગલ્લા તથા હોટલો બંધ કરાવવા માટે એ - ડીવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ તથા સ્ટાફ રવિવારે ફરજ બજાવતા હતા ત્યારે તેમની કામગીરીમાં બે જણાએ રૂકાવટ ઊભી કરીને બિભત્સ વર્તન કરતા બંને જણા વિરુદ્ધ એ - ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી હતી.

એ - ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પીએસઆઈ આર. જે. ચૌહાણે નોંધાવેલી ફરિયાદમાં જણાવાયા મુજબ તેઓ તથા સ્ટાફ રવિવારે હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં મોડી રાત્રે ચાલતા લારી ગલ્લા તથા હોટલો બંધ કરાવતા હતા. ત્યારે પોલીસની કામગીરીમાં રૂકાવટ ઊભી કરીને શારદાકુંજ સોસાયટીમાં રહેતા વિહારભાઈ ઈશ્વરભાઈ રબારી તથા પૂર્ણિમા સોસાસયટી મહાવીનરનગરમાં રહેતા શીતલભાઈ દિલીપભાઈ ઠાકરે પીએસઆઈનું કોલર પકડી ઝપાઝપી કરી હુમલો કર્યો હતો તથા વિહારભાઈ રબારીએ પીએસઆઈને ગુપ્તાંગ પર હાથ મુકી તમારો કાયદો શું તોડી લેવાના છે તેમ કહી જાહેરમાં બિભત્સ વર્તન કર્યુંહતું. જેથી પીએસઆઈએ પોલીસની કામગીરીમાં રૂકાવટ ઊભી કરવા બદલ બંને જણા વિરુદ્ધ હિંતમનગર એ - ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.



અરવલ્લી જિલ્લાના કિશોરપુરા ગામના રહીશ જિલ્લા બાંધકામ સમિતિના પૂર્વ ચેરમેન વસંતભાઈ પટેલના મોટાભાઈ અને સાબરકાંઠા જિલ્લાના તલોદ નજીક નવા ગામના પ્રગતિશીલ ખેડૂત જગદીશભાઈ મોહનભાઈ પટેલને બટાકાના શ્રેષ્ઠ ઉત્પાદન માટે મહારાષ્ટ્ર સરકારના કૃષિમંત્રી દ્વારા શ્રેષ્ઠ ફાર્મર તરીકેનો એવોર્ડ એનાયત કરાયો હતો.

## સાબરકાંઠા જિલ્લામાં ચાર પાલિકા અને ૭૩ ગ્રામ પંચાયતોની આગામી મહિને ચૂંટણી

હિંમતનગર, તા. ૧

વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થઈ ચૂકી છે. ત્યારે સાબરકાંઠા જિલ્લાની ચાર નગરપાલિકા અને ૭૩ ગ્રામ પંચાયતોના પદાધિકારીઓની મુદ્દત પૂર્ણ થવા જઈ રહી છે ત્યારે રાજય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી યોજવા માટે તમામ તૈયારીઓ શરુ કરી દેવાઈ છે. જેના ભાગરૂપે ચાર નગરપાલિકા અને ૭૩ ગ્રામ પંચાયતોની આખરી મતદાર યાદી તા. ૫મી જાન્યુઆરી ૨૦૧૮ના રોજ પ્રસિદ્ધ કરી દેવાશે.

આં અંગે જિલ્લા ચૂંટણી શાખઆના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠાની તલોદ, પ્રાંતિજ, ઈડર અને ખેડબ્રહ્મા નગરપાલિકાની મુદ્દત આગામી થોડા સમયમાં પૂર્ણ થવા જઈ રહી છે. ત્યારે આ પાલિકાઓમાં ચૂંટણી લડવા માંગતા ઉમેદવારોએ અત્યારથી જ પોતાના લોક સંપર્કો વધારી દીધા છે અને જે તે વોર્ડમાંથી ચૂંટણી લડવાના સ્વપ્નો જોઈ મતદારોનો સંપર્ક કરી જરૂરિયાત મુજબના વિકાસ કામોનું આયોજન પણ શરૂ કરી દીધું છે.

બીજી તરફ જિલ્લાના છ તાલુકાઓમાં આવેલી ગ્રામ પંચાયતોમાં સરપંચ સહિત વોર્ડના સભ્યોની મુદ્દત પૂરી થવાની છે ત્યારે તે અગાઉ રાજય ચૂંટણી પંચના આદેશથી જિલ્લા ચૂંટણી શાખાએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. જે મુજબ તા. ૫ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ આખરી મતદાર યાદીની પ્રસિદ્ધિ કરવા માટેની તૈયારીઓને આખરી ઓપ આપી દેવાયો છે. ચૂંટણી શાખાના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ જે ગ્રામ પંચાયતોનું વિભાજન થનાર છે તેની પણ ચૂંટણી યોજાશે. આખરી મતદાર યાદી પ્રસિદ્ધ થયા બાદ શક્યતઃ ઉત્તરાયણ બાદ ચાર નગરપાલિકા અને ૭૩ ગ્રામ પંચાયતની ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થવાની શક્યતા છે.


### કયા તાલુકાની કેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાશે

| તાલુકાનું નામ | ગ્રામ પંચાયતોની સંખ્યા |
|---|---|
| પ્રાંતિજ | ૨૧ |
| ખેડબ્રહ્મા | ૪ |
| હિંમતનગર | ૧૭ |
| ઈડર | ૧૭ |
| તલોદ | ૧૦ |

ઉલ્લેખનીય છે કે વિધાનસભાની ચૂંટણી ભલે પૂર્ણ થઈ ગઈ હોય પણ તે પૈકીના કેટલાક સમીકરણોને લઈને સ્થાનિક ચૂંટણીઓમાં તેની અસરો જણાય તો નવાઈ પાવા જેવું નથી. આમેય લોકસભા કે વિધાનસભાની ચૂંટણી કરતા સ્થાનિક ચૂંટણીમાં યુવાનો વધુ રસ લેતા હોવાને કારણે આ ચૂંટણીઓ દરમિયાન મતદારોમાં વધુ ઉત્સુકતા રહે તે સ્વાભાવિક છે.

## મોડાસા નગરમાં સર્વોદય બેંકે નવા વર્ષમાં નવો ફતવો બહાર પાડી બેંકના ગ્રાહકોને મુશકેલીમાં મુકી દીધા છે

બેંકના નવા ફરમાન મુજબ તા.૧.૧.૨૦૧૮ થી કોઈ પણ ગ્રાહક રૂ. ૧૦ કે ૨૦ના એક દિવસમાં ફક્ત ૫ બંડલ જમા કરાવી શકશે. જો વધુ જમા કરાવવા હોય તો બંડલ લેખે રૂ.૫ નો ચાર્જ આપવો પડશે. બેંકે કેશ કાઉન્ટર પર લગાવેલી નોટીસ મુજબ આ નિર્ણય બેંક ના ડિરેકટર્સે ઠરાવ કરીને લીધો છે. નોટીસ પર આર બી આઈ ના પરિપત્રનો કોઈ જ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી જેના પરથી ફલીત થાય છે કે આ નિયમ મનસ્વી છે. બેંકમાં નાણાં જમા કરાવવા આવેલ એક ટ્રાન્સપોર્ટર તેની વ્યથા જણાવી કે અમારે લોકલ ગાડીનું ભાડુ રૂ.૧૦ કે ૨૦ ના બંડલ માં વેપારીઓ આપે છે અને એ અમે અહિં લોન પેટે જમા કરાવીએ છીએ ત્યારે આવા નિયમ થી અમારે નાહક દર વખતે રૂ.૫૦ થી ૧૦૦ વધારાનો ચાર્જ ચુકવવો પડશે. છેલ્લા ઘણા સમય થી બેંકો ના નિત નવા નિયમોના કારણે આમ પ્રજા મુશકેલીમાં મુકાય રહી છે.


THE SARVODAYA SAHAKARI BANK LTD;MODASA
"Sarvodaya Bhavan" Nr.Khvaza Park,Makhdum High School Road,
Modasa - 383315 Dist. Arvalli.(Gujarat).
Ph No: (02774)246527,245483,(Fax) 245296, (Loan) 246149
E Mail:thessb_bank@yahoo.com

29 DEC 2017

આથી બેંકના તમામ ખાતેદરોને જાણ કરવામા આવે છે.કે બોર્ડ ઓફ ડિરેકટર્સ ના તા.૨૮ / ૧૨ / ૨૦૧૭ નાં ઠરાવથી તા : ૧ / ૧ / ૨૦૧૮ થી બેંકના કોઇપણ ખાતામાં દિવસ દરમ્યાન રૂ. ૧૦/ કે રૂ. ૨૦/ નાં કુલ પાંચ બંડલ ખાતામાં વગર ચાર્જ ભરી શકાશે. તેનાથી વધુ બંડલ ભરનારનાં ખાતામાં બંડલ દીઠ રૂ. પાંચ (૫=૦૦) ખાતામાં ઉધારવામાં આવશે.જેની નોધ લેવી.

સહકાર આપવા વિનંતી...

B/O
બોર્ડ ઓફ ડિરેકટર્સ

## હિંમતનગર કેનાલ ફંટની દુકાનોની હરાજી બે તબક્કામાં

હિંમતનગર, તા. ૧

હિંમતનગરની સાન સમાન કેનાલ ફંટને જોઈને સૌ કોઈને અમદાવાદની સાબરમતી નદી પર બનાવાયેલ રિવર ફંટની યાદ તાજી થઈ જાય છે ત્યારે હિંમતનગરના આ નજરાણા સમાન કેનાલ ફંટ પર બનાવાયેલ કરોડો રૂપિયાની દુકાનોની હરાજી ખુબ જ ટૂંકા સમયમાં કરાશે. જેના માટે નગરપાલિકાએ આખરી તૈયારીઓ કરી દીધી છે. જો કે ૧૦૦ કરતા વધુ આ દુકાનોની હરાજી બે તબક્કામાં કરવાનું પ્રાથમિક તબક્કે નક્કી કરાયું છે.

આ અંગે નગરપાલિકાના ચીફ ઑફીસર પાંચાભાઈ માળીએ ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે ભુતકાળમાં હિંમતનગરના તત્કાલીન ધારાસભ્ય અને ગૃહરાજયમંત્રી પ્રફુલ્લ પટેલના પ્રયાસોને લઈને સાબરકાંઠાને એક મેડીકલ કૉલેજ અને હિંમતનગરવાસીઓ માટે નજરાણા સમાન કેનાલ ફંટની ભેટ આપી હતી. જેનું મોટાભાગનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. એટલું જ નહિ પણ નગરપાલિકાને વિકાસ કામો કરવા માટે નાણાંકીય સ્રોત મળે તે માટે આયોજનમાં ૧૦૦ થી વધુ દુકાનો કેનાલના કિનારે કિનારે બનાવી દેવાઈ છે. જેના કારમે હાથમતી નદીમાંથી નીકળતી કેનાલથી લઈને મોતીપુરા સુધીના વિસ્તારમાં કેનાલમાં થતી ગંદકી સદંતર બંધ થઈ ગઈ છે. જેના કારણે નગરપાલિકાને વધુ વિકાસ કામો કરવા માટે પનો ટૂંકો પડતો હતો. જો કે કેનાલ ફંટ બનાવવા અગાઉ કેનાલ વિભાગને કેટલીક રકમ ચુકાવવાની જોગવાઈ કરાઈ છે. જે પૈકી મોટાભાગની રકમ ચુકવાઈ ગઈ છે. અને બાકી રહેતા અંદાજે રૂા. ૧૦ કરોડ વર્ષ ૨૦૧૮ ની શરુઆતમાં જ ચૂકવવાની તૈયારીઓ નગરપાલિકા દ્વારા કરી દેવાઈ છે. જેથી ખૂબ જ ટૂંકા સમયમાં કાયદાકીય ગૂંચવણ ઊકેલાઈ ગયા બાદ કેનાલ ફંટની દુકાનોની હરાજીનું કામ શરુ કરવામાં આવશે.

કેનાલ ફંટના માધ્યમથી નગરપાલિકાને થનારી આવકનો ઉપયોગ શહેરના વિકાસ કામોમાં થનારો હોવાથી આખરે તેનો ફાયદો જનતાને થશે. અને ભવિષ્યમાં શહેરના વ્યાપમાં વધારો થનાર છે ત્યારે તેના આયોજન માટે પણ નગરપાલિકાના સત્તાવાળાઓ દ્વારા ભાવિ આયોજનનો તખ્તો નક્કી કરાઈ રહ્યો છે. જે શહેરના વિકાસ માટે શુભ નિશાની છે.